# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

નંબરઃ કે.૪/૫૫૦

તા.૦૬/૦૫/૨૦૧૯

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ

સવિનય જણાવવાનું કે તારીખઃ૩૦/૦૪/૨૦૧૯, મંગળવાર ના રોજ મળેલ સિન્ડિકેટ સભાની કાર્યનોંધ મોકલેલ છે. કાર્યનોંધમાં જે સભ્યશ્રીઓએ જે કંઇ ફેરફાર સૂચવવાનો હોય તો તે આ કાર્યાલયને મોડામાં મોડા તા. ૧૩/૦૫/૨૦૧૯ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

કા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

# સિન્ડિકેટની સભા

## (મંગળવાર, તારીખઃ૩૦/૦૪/૨૦૧૯)

# કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૨૬/૦૩/૨૦૧૯ના રોજ મોકુફ રાખવામાં આવી હતી તે તારીખઃ૩૦/૦૪/૨૦૧૯, મંગળવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૫) | શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત |
| ૬) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૭) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૮) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાચી |
| ૯) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૦) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૧) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૨) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૧૩) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૪) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ |
| ૧૫) | શ્રી મનિષ એસ. પટેલ |
| ૧૬) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૭) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૧૮) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૯) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

| | |
|---|---|
| ૧) | ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય |
| ૨) | ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૩) | જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | ડૉ. ભાવેશ ડી. પટેલ |
| ૫) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૬) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ |
| ૭) | શ્રી રાહુલ આનંદ દલાલ |

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

સભાની શરૂઆત અગાઉની તા.૨૮-૦૨-૨૦૧૯ની સિન્ડિકેટ સભામાં અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલી બાબતે સિન્ડિકેટ સભ્યશ્રી સંજય પટેલ અને રાજેશ પટેલે, શ્રી અલ્પેશ પુરોહિતના પત્રમાં થયેલી આક્ષેપ બાજી અંગે શ્રી અલ્પેશ પુરોહિતે ૧૫ દિવસમાં પુરાવા સહિત જવાબ રજૂ કરવા જાણ કરવાની હતી, તે અંગે સભામાં વિસ્તૃત ચર્ચા થઇ હતી. શ્રી અલ્પેશ પુરોહિત દ્વારા કોઇ પ્રત્યુતર લેખીતમાં મળ્યો નથી, તેમ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

સદર બાબતે શ્રી અલ્પેશ પુરોહિતને આગામી મળનારી સિન્ડિકેટ સભામાં યોગ્ય તે નિણર્ય અધ્યક્ષ લેશે.

(<u>સિન્ડિકેટ વિભાગ</u>)

૧. તારીખઃ ૨૮/૦૨/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧ થી ૧૮)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૮/૦૨/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.

૨. તારીખઃ ૨૮/૦૨/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ૨ )

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૮/૦૨/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.

૩.0 કા. આચાર્યશ્રી, એન. આર. પટેલ બી.એડ. કોલેજ, કરમસદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજયુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.0 પૃઃ ૧૯ થી ૨૧)

<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>

- Regular Principal must be appointment as per NCTE norms as well as supporting staff must be appointed. Four teaching staff required.
- Free journals from NCTE & NCERT.
- Uni. Granth Nirman Board's books.
- Subject to the approval of NCTE Bhopal.

૩.૧ કા. આચાર્યશ્રી, ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજયુકેશન, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજયુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧ પૃઃ૨૨ થી ૨૪)

<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>

- we recommend to Appoint Principal full time as soon as possible as well as Five Assistant Professor may be appointed, 01- Physical Educator, 01 Health Teacher and One Fine Art Teacher.
- May be part time appointment may priority base.
- 01- Accountant, 01- Hhelper is essential for B.Ed. course only.
- Subject to the approval of NCTE Bhopal.

**૩.૨ આચાર્યશ્રી, પી. કે. ઇનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજ્યુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૨ પૃઃ૨૫ થી ૨૭)**

<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>

- As per NCTE(2014) Norms & Regulation, 5 Assi Professor need to be appointed earliest (currently 5 Adhoc teachers are there).
- Recently 02/03/2019 advertisement is given for Teachers.
- Subject to the approval of NCTE Bhopal.

**૩.3 કા. આચાર્યશ્રી, શ્રી આઇ. જે. પટેલ એમ.એડ કોલેજ, મોગરીમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે માસ્ટર ઓફ એજ્યુકેશનનો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૩ પૃઃ૨૮ થી ૩૦)**

<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>

- Need to Appoint Regular Principal.

**૩.૪ કા. આચાર્યશ્રી, વે-મેઇડ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.ફીલ.(એજ્યુકેશન)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૪ પૃઃ૩૧ થી ૩૩)**

<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>

- We recommended to conduct interview for professor, Associate professor and Assistant Professor for better upliftment of M.phil. course.
- M.phil. course is based on M.ed. so we recommended interview(above remarks) for M.ed. course.

**૩.૫ કા. આચાર્યશ્રી, ધર્મજ કોલેજ ઓફ એજ્યુકેશન, ધર્મજમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજ્યુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.**

**(બિડાણઃ૩.૫ પૃઃ૩૪ થી ૩૬)**

<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>

- We recommend to appoint Principal - Full time as soon as possible and Four Assistant Professor may be appointed.
- Also One Physical Educator, One Health Teacher, One Fine Arts Teachers should be appointed as per priority(The adv. was given on 11th January 2019.).
- Subject to the approval of N.C.T.E. Bhopal.

૩.૬ કા. આચાર્યશ્રી, શ્રી કે.જી. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ઓડમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજયુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૬ પૃઃ૩૭ થી ૩૯)

SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE
- We recommend to appoint Principal - Full time as soon as possible and Four Assistant Professor must be appointed.
- Part time Physical Instructor & Arts & Drama Teacher should be appointed.
- Subject to the approval of N.C.T.E. Bhopal.

૩.૭ આચાર્યશ્રી, આણંદ કોલેજ ઓફ એજયુકેશન, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજયુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૭ પૃઃ૪૦ થી ૪૨)

SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE
- Required staff is found sufficient as per NCTE norms.
- Subject to the Approval of N.C.T.E Bhopal.

૩.૮ કા. આચાર્યશ્રી, ધ મહેમદાવાદ એજયુકેશન સોસાયટી બી.એડ કોલેજ, મહેમદાવાદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજયુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૮ પૃઃ૪૩ થી ૪૫)

SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE
- Only one(01) teaching faculty is present.
- Approved teaching staff is not present(five teacher)
- Librarian is not present.
- I/c. Principal stated that students vacation for 10 days.
- over all observation No staff, No students are Not Regular.
- Subject to the approval of NCTE, Bhopal.

૩.૯ આચાર્યશ્રી, શ્રીમતી ધારીણીબેન એ. શુકલા બી.એડ કોલેજ, મહેમદાવાદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ એજયુકેશનનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૯ પૃઃ૪૬ થી ૪૮)

SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE

- As per NCTE norms Pedagogy teachers are appointed but perspective in Education teacher are four may be appoint as soon as possible.
- Fine arts and performing arts teachers may be appoint.
- Subject to the approval of NCTE, Bhopal.

**(નોંધ :બાબત ક્રમાંકઃ ૩.૦ થી ૩.૯ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી હતી.)**
**સભામાં થયેલી સર્વગ્રાહી અને તલસ્પર્શી ચર્ચા વિચારણાને અંતે આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.**

**૧. ત્રુટીઓ વાળી કોલેજોની ટાસ્ક ફોર્સ મુલાકાત લેશે અને જેનો અહેવાલ સિન્ડિકેટમાં ચર્ચા બાદ નિર્ણય લેવાશે.**

**૨. જે કોલેજ માટે સિન્ડિકેટ ભલામણ કરશે તે કોલેજનું રાજ્ય સરકારશ્રીને જોડાણ અંગેના જાહેરનામા બહાર પાડ્વા માટે ભલામણ કરશે.**

**સિન્ડિકેટ સભ્ય શ્રી બિપીનચંદ્ર પટેલે વિરોધ દર્શાવ્યો હતો.**

**(એકેડેમિક વિભાગ)**

**૪.** **સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃOW/IHC2/પા.ટા.ભરતી/અ.સ./એસ.આર.નં.૧૨૧/૨૦૧૯ /૪૧૨૨-૨૬ તારીખઃ૬/૨/૨૦૧૯થી બિનસરકારી અનુદાનિત કોલેજમાં ઉપલબ્ધ વર્કલોડ સામે સમાવવા અંતર્ગત સમાજશાસ્ત્ર વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. ભારતીબેન મનુભાઇ પટેલની શ્રીમતી એસ. બી. પટેલ આર્ટ્સ એન્ડ શ્રી આર. એન. અમીન કોમર્સ કોલેજ, વસો થી સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડીયાદમાં સમાજશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂ.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૧/૨/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા કાર્યકારી આચાર્યશ્રીના તારીખઃ૧૩/૩/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ૬૫૬/ ૨૦૧૮-૧૯થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

**અને**

**૫.** **સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃOW/IHC2/પા.ટા.ભરતી/અ.સ./એસ.આર.નં.૪૮/૨૦૧૯ /૮૦૮૯-૯૪ તારીખઃ૮/૩/૨૦૧૯થી બિનસરકારી અનુદાનિત કોલેજમાં ઉપલબ્ધ વર્કલોડ સામે સમાવવા અંતર્ગત હિન્દી વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. સારસ્વત મધુસુદન પરમારની શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ થી શ્રી આર. પી. આર્ટ્સ, શ્રી કે. બી. કોમર્સ એન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કોલેજ, ખંભાતમાં હિન્દી વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂ.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૨/૩/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૧૩/૩/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ૫૯૬/૨૦૧૮-૧૯થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

**અને**

૬. સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃOW/IHC2/પા.ટા.ભરતી/અ.સ./એસ.આર.નં.૮૭/૨૦૧૯ /૮૦૪૯-૫૩ તારીખઃ૮/૩/૨૦૧૯થી બિનસરકારી અનુદાનિત કોલેજમાં ઉપલબ્ધ વર્કલોડ સામે સમાવવા અંતર્ગત સંસ્કૃત વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. વનરાજ વસરામભાઇ રાઠોડની શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદમાં સંસ્કૃત વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂ.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૯/૩/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૧૨/૩/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ૨૨૮થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

કુલપતીશ્રીએ બાબત ક્રમાંકઃ૪ થી ૬ ને તાઃ૦૨/૦૪/૨૦૧૯ના રોજ મંજૂર કરેલ છે, તો ઉપરોકત બાબત ક્રમાંકઃ૪ થી ૬ ને બહાલી આપવામાં આવી.

(હિસાબ વિભાગ)

૭. સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે બાંધકામ થઇ રહેલ મલ્ટીપરર્પઝ અદ્યતન ઓડિટોરીયમ માટે શ્રી દેવાંગભાઇ પટેલ તરફથી ઇપ્કોવાલા પરિવાર, નડિયાદના સહયોગથી રૂા. ૨,૫૧,૦૦,૦૦૦/-નું અનુદાનની જાહેરાત કરેલ તે અન્વયે નીચેની તારીખોથી યુનિવર્સિટીને દાનની રકમ એનાયત કરવામાં આવેલ છે. જેની નોંધ લઇ દાતાશ્રીને આભાર પત્ર પાઠવવા અંગે વિચારણા કરવા બાબત..

(૧) દાતાશ્રી તરફથી નીચે દર્શાવેલ તારીખથી તબક્કાવાર આ અનુદાન ભારતીય ચલણમાં યુનિવર્સિટીને એનાયત કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | ૨૧/૦૬/૨૦૧૮ | ૭૬,૦૦,૦૦૦=૦૦ |
| ૨. | ૧૨/૦૭/૨૦૧૮ | ૨૫,૦૦,૦૦૦=૦૦ |
| ૩. | ૦૪/૦૨/૨૦૧૯ | ૫૦,૦૦,૦૦૦=૦૦ |
| ૪. | ૨૬/૦૨/૨૦૧૯ | ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ |
| | કુલ | ૨,૫૧,૦૦,૦૦૦=૦૦ |

(૨) દાતાશ્રી તરફથી જાહેર કર્યા મુજબની પુરેપુરી રકમ યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે બાંધકામ થઇ રહેલ મલ્ટીપરર્પઝ અદ્યતન ઓડિટોરીયમ માટે શ્રી દેવાંગભાઇ પટેલ તરફથી ઇપ્કોવાલા પરિવાર, નડિયાદના સહયોગથી રૂા. ૨,૫૧,૦૦,૦૦૦/-નું અનુદાનની જાહેરાત કરેલ તે અન્વયે યુનિવર્સિટીને મળેલ દાનની રકમ ની સહર્ષ નોંધ લીધી અને દાતાશ્રીને આભાર પત્ર પાઠવવો તથા આગામી સેનેટ સભામાં આ બાબત રજૂ કરવી.

વધુમાં દાતાશ્રી દેવાંગભાઇને વધુ રૂા. ૨,૫૦,૦૦,૦૦૦/- દાન પેટે યુનિવર્સિટીને આપવા વિનંતી કરવી.

૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-

(૧) (મંજુરી આપ્યા તા. ૦૮/૦૩/૨૦૧૯) (મહેકમ વિભાગ)

અનુસ્નાતક બીજનેશ સ્ટડીઝ વિભાગમા પ્રોફેસર(સીએએસ આરડીઇએસ) તરીકે ફરજ બજાવતા ડૉ. સી.કે. સોનારાએ તેઓના તારીખ:૨૧/૦૨/૨૦૧૯ના પત્રથી બેંગકોક જવા તારીખ:૨૨/૩/૨૦૧૯ થી તારીખ:૨૮/૦૩/૨૦૧૯ સુધીની ૦૭ દિવસની હકક રજાઓ મંજૂર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના:

(૨) (મંજુરી આપ્યા તા. ૧૬/૦૩/૨૦૧૯) (જનરલ વિભાગ)

સરદાર પટેલ યુનિવર્સિટીના સી. સી. પટેલ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર(લોક વિજ્ઞાન કેન્દ્ર)ની સલાહકાર સમિતિની તારીખ : ૧૧/૦૩/૨૦૧૯ના રોજ મળેલ સભાની ભલામણો મુજબ માનનીય કુલપતિશ્રીએ નીચે મુજબ માનદ્ નિયામક તથા સહ નિયામકની નિમણૂક કરેલ છે.

(૧) ડૉ. વિભાબેન એસ. વૈષ્ણવ, માનદ્ નિયામક, ઈલેક્ટ્રોનિક્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી.

(૨) ડૉ. વિજયકુમાર કે. પરમાર, સહ નિયામક, ફાર્માસ્યુટીકલ સાયન્સ, સરદાર પટેલ યુનિવર્સિટી.

(૩) ડૉ. એન. ડી. ભરૂચા, સહ નિયામક, એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી.

(૩) (મંજુરી આપ્યા તા. ૨૬/૦૩/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)

કાર્યકારી આચાર્યશ્રી, સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ, ખેડાના તારીખ: ૧૪/૩/૨૦૧૯ના પત્ર નં.૧૪૬થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ, ખેડા

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Jetalkumar Jethabhai Panchal (OBC)<br>બી.એસસી. (મેથ્સ.) ૨૦૦૩ ४૯.૬૧%<br>એમ.એસસી. (મેથ્સ.) ૨૦૧૧ ૫૩%<br>બી.એડ્. ૨૦૦૫ ૮૨%<br>એમ.એડ્. ૨૦૧૦ ૭૦.૮૫%<br>યુજીસી-નેટ (એજ્યુકેશન) જૂન-૨૦૧૨<br>જીસેટ (એજ્યુકેશન) સપ્ટે.-૨૦૧૮<br>પી.એચડી. (એજ્યુકેશન) ફેબ્રુઆરી-૨૦૧૮ | Assistant Professor in Maths. & Science | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Rajesh Ramnaresh Sharma<br>બી.એ. (અંગ્રેજી) ૧૯૯૩ ४૦%<br>એમ.એ. (અંગ્રેજી) ૨૦૧૫ ૫૯.૫૦%<br>બી.એડ્. ૧૯૯૫ 7.98 C.G.P.A.<br>એમ.એડ્. ૧૯૯૭ ૬૫.૭૨%<br>પી.એચડી. (એજ્યુકેશન) જૂન-૨૦૧૪<br>યુજીસી-નેટ (એજ્યુકેશન) જૂન-૨૦૧૫ | Assistant Professor in English | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૩. | Dr. Jayashriben Gulabbhai Chaudhari (ST)<br>બી.એ. (ગુજરાતી) ૨૦૦૯ ૪૪.૭૮%<br>એમ.એ. (ગુજરાતી)(એક્ષ્ટર્નલ) ૨૦૧૨ ૫૩.૩૦%<br>બી.એડ્. ૨૦૧૩ ૮૪.૦૫%<br>એમ.એડ્. ૨૦૧૪ ૭૩.૪૦%<br>જીસેટ (ગુજરાતી) સપ્ટે.-૨૦૧૬<br>જીસેટ (એજ્યુકેશન) ઓગષ્ટ-૨૦૧૭ | Assistant Professor in Gujarati | લાયકાત ધરાવે છે. |
| ૪. | Dr. Maheshkumar Rambhai Jakhotra (OBC)<br>બી.એ. (અંગ્રેજી) ૨૦૧૧ ૫૩.૧૪%<br>એમ.એ. (અંગ્રેજી) ૨૦૧૫ ૫૫%<br>બી.એડ્. ૨૦૧૨ ૯૪%<br>એમ.એડ્. ૨૦૧૩ ૮૨.૭૧%<br>યુજીસી-નેટ (એજ્યુકેશન) મે-૨૦૧૭ | Assistant Professor in English | લાયકાત ધરાવે છે. |

(૪) (મંજુરી આપ્યા તા. ૦૯/૦૪/૨૦૧૯) (મહેકમ વિભાગ)
અનુસ્નાતક ઇંગ્લીશ વિભાગમા આસી.પ્રોફેસર (એસ.એસ) તરીકે ફરજ બજાવતા ડૉ. પિયુષ ભાઇલાલભાઇ રાવળએ તેઓના તારીખઃ૨૧/૦૨/૨૦૧૯ના પત્રથી શ્રેવપોર્ટ, યુ.એસ.એ ખાતે શોર્ટ ટર્મ સ્કોલર માટે અને બે વ્યાખ્યાન માટે વોશીંગ્ટન(ડીસી) ખાતે ભાગ લેવા જવા તારીખઃ૦૯/૫/ ૨૦૧૯ થી તારીખઃ૧૦/૦૬/૨૦૧૯ સુધી(ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તાઃ૦૮-૦૬-૨૦૧૯ જોડીને) એટલેકે ૦૨ દિવસની ડયુટી લીવ મંજૂર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

(૫) (મંજુરી આપ્યા તા. ૧૬/૦૪/૨૦૧૯) (મહેકમ વિભાગ)
યુનિવસીર્ટીના એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમા આસી.પ્રોફેસર (એસ.જી) તરીકે ફરજ બજાવતા ડૉ.અલ્કાબેન જે મેકવાનએ તેઓના તારીખઃ૦૮/૦૩/૨૦૧૯ના પત્રથી યુ.એસ.એ, જર્મની અને સ્વીર્ટઝલેન્ડના પ્રવાસે જવા તારીખઃ૦૧/૫/૨૦૧૯ થી તારીખઃ૨૯/૦૬/૨૦૧૯ સુધી (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તાઃ૦૮-૦૬-૨૦૧૯ જોડીને) એટલે કે તાઃ૦૯-૦૬-૨૦૧૯ થી તાઃ૨૯-૦૬-૨૦૧૯ સુધીની કુલ ૨૧ દિવસની અર્ન્ડ લીવ મંજૂર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

તથા

યુનિવસીર્ટીના અનુસ્નાતક એમ.બી.એ વિભાગમા પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.મિતેષ મહેશ જયસ્વાલએ તેઓના તારીખઃ૦૧/૦૪/૨૦૧૯ના પત્ર નંબરઃએમબીએ/૬૦૮થી તાઃ૧૫/૦૫/૨૦૧૯ થી તાઃ૨૦/૦૫/ ૨૦૧૯ સિંગાપુર તથા તાઃ૨૦/૦૫/૨૦૧૯ થી તાઃ૨૩/૦૫/૨૦૧૯ મલેશીયા ફેમીલી ટુરમા જવા (ઉનાળુ વેકેશન જોડીને) રજાઓ મંજુર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

તથા

યુનિવસીર્ટીના ગણિતશાસ્ત્ર વિભાગમા આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.જય ગોપાલ મહેતાએ તેઓના તારીખઃ૧૨/૦૩/૨૦૧૯ના પત્ર નંબરઃમેથ્સ/૧૮-૧૯/૨૯૪થી સંશોધન અંગેનુ જોડાણ તથા સંશોધન અંગેના વ્યાખ્યાન માટે સેન્ડોગ યુનિવસીર્ટી પી.આર. ચાઇના ના પ્રવાસે જવા તારીખઃ૨૫-૦૪-૨૦૧૯ થી તારીખઃ૧૦/૦૫/૨૦૧૯ સુધીની (ઉનાળુ વેકેશન દરમીયાન) રજાઓ મંજુર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

તથા

યુનિવસીર્ટીના અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગમા પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. હિતેન્દ્રકુમાર એમ. પટેલએ તેઓના તારીખઃ૦૫/૦૪/૨૦૧૯ના પત્ર નંબરઃR/Chem/HMP/SERB/Travel Permission/ ૧૭થી તારીખઃ૧૧/૦૫/૨૦૧૯ થી તારીખઃ૨૪/૦૫/૨૦૧૯ સુધી 5th International Symposium on Green Chemestry (ISGC-2019) La Rochelle, France (ઉનાળુ વેકેશન દરમીયાન) જવા રજાઓ મંજુર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

તથા

યુનિવસીર્ટીના બાયોસાયન્સ વિભાગમા એસોસીએટ પ્રોફેસર (સી.એસ) તરીકે ફરજ બજાવતા ડૉ.એ.એસ.રેડીએ તેઓના તારીખઃ૧૬/૦૩/૨૦૧૯ના પત્ર નંબરઃપીજીબી/એએસઆર/૩૯૦થી તેમના પુત્રીના કુટુંબને મળવા યુ.એસ.એ(ન્યુ જર્સી)ના પ્રવાસે જવા તારીખઃ૨૫/૦૪/૨૦૧૯ થી તારીખઃ૦૬/૦૬/ ૨૦૧૯ સુધીની (ઉનાળુ વેકેશન જોડીને) જવા રજાઓ મંજુર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

(૬) (મંજુરી આપ્યા તા. ૧૨/૦૪/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)
સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃOW/IHC2/પા.ટા.ભરતી/અ.સ./એસ.આર.નં.૪૦/૨૦૧૯ /૮૦૩૨-૩૭ તારીખઃ૮/૩/૨૦૧૯થી બિનસરકારી અનુદાનિત કોલેજમાં ઉપલબ્ધ વર્કલોડ સામે સમાવવા અંતર્ગત ગુજરાતી વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. અશ્વિનકુમાર જેસંગભાઇ બ્રહ્મભટ્ટની યુનિ. ટ્રસ્ટ સુરજબા મહિલા કોલેજ, નડિયાદ થી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડામાં ગુજરાતી વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂા.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૦/૩/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૫/૪/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ૩૭૧૬થી કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકની કરેલ નિમણૂંકને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**(૭)** (મંજુરી આપ્યા તા. ૧૨/૦૪/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)
સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃOW/IHC2/પા.ટા.ભરતી/અ.સ./એસ.આર.નં.૬૧/૨૦૧૯/૮૦૭૮-૮૨ તારીખઃ ૮/૩/૨૦૧૯થી બિનસરકારી અનુદાનિત કોલેજમાં ઉપલબ્ધ વર્કલોડ સામે સમાવવા અંતર્ગત હિન્દી વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. મીરાબેન અતુલભાઈ સકસેનાની એસ. ડી. પટેલ આર્ટ્સ એન્ડ સી. એમ. પટેલ કોમર્સ કોલેજ, આંકલાવમાં હિન્દી વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂ.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૨/૩/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા કાર્યકારી આચાર્યશ્રીના તારીખઃ૩/૪/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ૫/૨૦૧૯-૨૦થી કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકની કરેલ નિમણૂંકને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

<u>તથા</u>

સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃOW/IHC2/પા.ટા.ભરતી/અ.સ./એસ.આર.નં.૧૧૫/૨૦૧૯/૮૦૨૬-૩૧ તારીખ :૮/૩/૨૦૧૯થી બિનસરકારી અનુદાનિત કોલેજમાં ઉપલબ્ધ વર્કલોડ સામે સમાવવા અંતર્ગત ગુજરાતી વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. કપિલાબેન ગોરધનભાઈ પટેલની આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ થી એસ. ડી. પટેલ આર્ટ્સ એન્ડ સી. એમ. પટેલ કોમર્સ કોલેજ, આંકલાવમાં ગુજરાતી વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂ.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૩/૩/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા કાર્યકારી આચાર્યશ્રીના તારીખઃ૩/૪/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ૫/૨૦૧૯-૨૦થી કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકની કરેલ નિમણૂંકને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ ૮.૧ થી ૮.૭ ને બહાલી આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

**૯. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમો (૧)** Artificial Intelligence & Machine Learning **તથા (૨)** Applied Chemistry **તથા અનુસ્નાતક ઇલેક્ટ્રોનિક્સ વિભાગ ખાતે** Certificate Course In Programmable Logic Controller(PLC) **શરૂ કરવા બાબત.** **(બિડાણઃ૪ પૃઃ૪૯ થી ૬૪)**

**આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમો (૧)** Artificial Intelligence & Machine Learning **તથા (૨)** Applied Chemistry **તથા અનુસ્નાતક ઇલેક્ટ્રોનિક્સ વિભાગ ખાતે** Certificate Course In Programmable Logic Controller(PLC) **શરૂ કરવાની બાબતની સહર્ષ નોંધ લેવી અને આગામી સેનેટ સભામાં આ બાબત રજૂ કરવી.**

(મહેકમ વિભાગ)

૧૦. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા શિક્ષક કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષની વય પૂરી કરતા હોઈ તેઓ નિયમાનુસાર તારીખઃ ૩૧-૧૦-૨૦૧૯ના રોજ (ઓફિસ સમય બાદ) નિવૃત્ત થશે તેની નોંધ લેવા બાબત.

| અનુ. નં. | નામ અને હોદ્દો | વિભાગ | જન્મ તારીખ | ૬૨ વર્ષની વય પૂરી કર્યાની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. અશોક શાનુભોગ<br>પ્રોફેસર (સીએએસ) | અનુસ્નાતક<br>આંકડાશાસ્ત્ર વિભાગ | ૨૦-૦૭-૧૯૫૭ | ૧૯-૦૭-૨૦૧૯ |
| ૨. | ડૉ. રજનીકાન્ત પુનમભાઈ પટેલ<br>પ્રોફેસર (સીએએસ) | અનુસ્નાતક<br>એમ. બી. એ. વિભાગ | ૦૩-૦૮-૧૯૫૭ | ૦૨-૦૮-૨૦૧૯ |
| ૩. | ડૉ. બાસુમતી હરમાનભાઈ પટેલ<br>પ્રોફેસર (સીએએસ) | અનુસ્નાતક<br>ઈલેક્ટ્રોનિક્સ વિભાગ | ૨૦-૦૯-૧૯૫૭ | ૧૯-૦૯-૨૦૧૯ |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કર્મચારીઓની નિવૃતિની નોંધ લેવી અને શુભેચ્છા પાઠવવી.**

(જનરલ વિભાગ)

૧૧. Zytex Biotech Pvt. Ltd. મુંબઈ અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ(MOU)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત મંજૂર કરેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU)ની નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.

**૧૨. સાયન્સ એન્ડ એન્જીનીયરીંગ રીસર્ચ બોર્ડ, ન્યુ દિલ્હી દ્વારા ડૉ. કિરીટ એન. લાડ, અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગની સંશોધન યોજના** "Study of microalloying effects on the atomic-level structure, dynamics, glass formation and physical properties of Zr-based bulk metalic glass-forming alloys" **ત્રણ વર્ષ માટે મંજૂર કરી આવર્તક અને અનાવર્તક ખર્ચ માટે કુલ રૂ. ૨૨,૪૪,૪૪૦/- મંજૂર થયેલા અનુદાનની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત મંજૂર થયેલા અનુદાનની સહર્ષ નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.

પરીક્ષા વિભાગ

૧૩. શ્રીમતી શારદાબેન કે. ત્રિવેદી અને ડૉ. નિલમ કે. ત્રિવેદી, તરફથી બેચલર ઓફ આર્ટ્સ (સંસ્કૃત) માં યુનિવર્સિટીની પરીક્ષામાં ફક્ત બાહ્ય થીયરી(External Theory Only) તમામ સેમેસ્ટરમાં પ્રથમ પ્રયત્ને ઉતિર્ણ થયેલ તથા પાંચમાં અને છઠા સેમેસ્ટરમાં સૌથી વધુ બાહ્ય ગુણ મેળવનાર વિદ્યાર્થીને "ડૉ. કે. એચ. ત્રિવેદી(પ્રોફેસર ઓફ સંસ્કૃત) મેમોરીયલ ગોલ્ડ મેડલ" યુનિવર્સિટીના યોજાનાર

આગામી પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂ. ૨,૫૧,૦૦૦/-નું દાન સ્વીકારવા અંગે મળેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત દાન સ્વીકારવા ની સહર્ષ નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા તથા આગામી સેનેટ સભામાં આ બાબત રજૂ કરવી.

(એકેડેમિક વિભાગ)

૧૪. આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રી પી.એમ.પટેલ પી. જી. ઈન્સ્ટિટ્યુટ ઓફ લૉ એન્ડ હ્યુમન રાઇટ્સ તથા શ્રી પી.એમ.પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હ્યુમન રાઇટ્સ સંસ્થામાંથી યુનિવર્સિટીને PG /M.Phil/Ph.D. recognition માટે અનુક્રમે શ્રી ભાવિક ભટ્ટ અને શ્રી સુશીલ દાસની અરજીઓ મળી હતી. સદર અરજીઓમાં કેટલીક વિસંગતતા જણાઇ આવતા કુલપતિશ્રીએ વિસ્તૃત તપાસ અર્થે નિયુક્ત તપાસ સમિતિનો અહેવાલ અને કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ કાર્યનોંધ પૃઃ ૬૫ થી ૬૯)

લંબાણપૂર્વકની તમામ પાસાઓની વિસ્તૃત તલસ્પર્શી ચર્ચા થઇ હતી અને શિક્ષણસમાજ માટે આવી અનિચ્છનિય બાબતને વખોડવામાં આવી અને આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી દ્વારા નિયુકત તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારવો અને અહેવાલમાં થયેલી ભલામણો મુજબ આગળની નીચે પ્રમાણે કાર્યવાહી કરવી.

(૧) શૈક્ષણિક સંસ્થાઓમાં ગુનાહિત પ્રવૃત્તિઓને અવકાશ નથી. તેથી ઉપરોક્ત તારણોમાં દર્શાવેલ તે પ્રકારની ફોજદારી કાર્યવાહી કરવી, તદ્અનુસાર સંસ્થા/ટ્રસ્ટના પ્રમુખશ્રી બિપીનચંદ્ર પટેલ સામે ફોજદારી કાર્યવાહી કરવી.

(૨) બંને અધ્યાપકોની યુનિવર્સિટીએ આપેલી માન્યતા રદ કરવી.

શ્રી અલ્પેશ પુરોહિત, શ્રી વિજયભાઇ વનાર તથા શ્રી બિપીનચંદ્ર પટેલે અસંમતિ દર્શાવી હતી.

(એક્ષર્ટનલ વિભાગ)

૧૫. યુનિવર્સિટી દ્વારા બેચલર ઓફ કોમર્સના પ્રવર્તમાન અભ્યાસક્રમ અનુસાર પુસ્તકો તૈયાર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની સહર્ષ નોંધ લઇ, બી.કોમ(પ્રથમ વર્ષ)ના પ્રવર્તમાન અભ્યાસક્રમ અનુસાર પુસ્તકો તૈયાર કરનારને અભિનંદન પાઠવવા.

(મહેકમ વિભાગ)

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન, ન્યુ દિલ્હીના તારીખઃ૧૮/૦૭/૨૦૧૮ તથા તારીખઃ૨૦/૦૮/૨૦૧૮ના નોટીફીકેશન અંતર્ગત યુનિવર્સિટી તથા કૉલેજોના શિક્ષકો માટે તથા અન્ય શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક માટેના ધારાધોરણો તથા અન્ય માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. જેની નોંધ લઇએ અને સદર ધારાધોરણનો અમલ કરવા યુનિવર્સિટીના સંબંધિત સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સમાં મંજૂરી મળે સુધારો કરીએ. (બિડાણ : ૫ પૃ ૭૦ થી ૧૩૬)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન નોટીફીકેશન અન્વયે શૈક્ષણિક કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત તથા અન્ય ધારા ધોરણોનો સ્વીકાર કરવો અને જરૂરી સ્ટેચ્યુટ તથા ઓર્ડિનન્સ માં જરૂરી સુધારા કરી આગામી સિન્ડિકેટ તથા સેનેટ સભામાં આ બાબત રજૂ કરવી.

૧૭. યુનિવસીર્ટીના અનુસ્નાતક બિઝનેશ સ્ટડીજ વિભાગમા એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.કામીની શાહએ તેઓના તારીખઃ૦૫/૦૪/૨૦૧૯ના પત્ર જાવક નંબરઃ૭૫૫થી તેમના સામાજિક કારણોસર યુ.એસ.એ ના પ્રવાસે જવા તારીખઃ૧૭/૦૫/૨૦૧૯ થી તારીખઃ૨૨/૦૬/૨૦૧૯ સુધીની (ઉનાળુ વેકેશન જોડીને) એટલેકે તાઃ૧૦/૦૬/૨૦૧૯ થી તાઃ૨૨/૦૬/૨૦૧૯ સુધીની ૧૪ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજુર કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવસીર્ટીના અનુસ્નાતક બિઝનેશ સ્ટડીજ વિભાગમા એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.કામીની શાહએ તેઓના તારીખઃ૦૫/ ૦૪/ ૨૦૧૯ના પત્ર જાવક નંબરઃ૭૫૫થી તેમના સામાજિક કારણોસર યુ.એસ.એ ના પ્રવાસે જવા તારીખઃ૧૭/૦૫/૨૦૧૯ થી તારીખઃ૨૨/૦૬/૨૦૧૯ સુધીની (ઉનાળુ વેકેશન જોડીને) એટલેકે તાઃ૧૦/૦૬/૨૦૧૯ થી તાઃ૨૨/૦૬/૨૦૧૯ સુધીની ૧૪ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજૂર કરવી તથા તેમની પાસેથી નિયમોનુસાર બોન્ડ લેવું.

૧૮. યુનિવસીર્ટીના એમ. બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (એસ.જી.) તરીકે ફરજ બજાવતા ડૉ. જયશ્રી કે.દવેએ તેઓના તારીખઃ૧૫/૦૪/૨૦૧૯ના પત્ર નંબરઃએસપીયુ/ એમબીપીસીઇ/૧૯-૨૦/૨૧થી સ્વીટ્ઝર્લેન્ડ અને અન્ય યુરોપીયન દેશોમા પ્રવાસે જવા તારીખઃ૨૦/૦૫/૨૦૧૯ થી તારીખઃ૦૫/૦૬/૨૦૧૯ સુધી (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તારીખઃ૦૯-૦૬-૨૦૧૯ દરમ્યાન) રજાઓ મંજુર કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવસીર્ટીના એમ. બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર(એસ.જી.) તરીકે ફરજ બજાવતા ડૉ. જયશ્રી કે. દવેએ તેઓના તારીખઃ૧૫/૦૪/૨૦૧૯ના પત્ર નંબરઃએસપીયુ/એમબીપીસીઇ/૧૯-૨૦/૨૧થી સ્વીટ્ઝર્લેન્ડ અને અન્ય યુરોપીયન દેશોમા પ્રવાસે જવા તારીખઃ૨૦/૦૫/૨૦૧૯ થી તારીખઃ૦૫/૦૬/ ૨૦૧૯ સુધી(ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તારીખઃ૦૯-૦૬-૨૦૧૯ દરમ્યાન) રજાઓ મંજૂર કરવી તથા તેમની પાસેથી નિયમોનુસાર બોન્ડ લેવું.

તથા

યુનિવસીર્ટીના અનુસ્નાતક હિન્દી વિભાગમા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.અનિલાદેવી એમ.મિશ્રાએ તેઓના તારીખઃ૧૬/૦૪/૨૦૧૯ના પત્ર નંબરઃપીજી/હિન્દી/એએનએમ/૧૨થી તેઓએ તેમની પુત્રીના ગ્રેજયુએશન સેરમનીમા ડેકીન યુનિવસીર્ટી, ઓસ્ટ્રેલીયા જવા તારીખઃ૦૧/૦૬/૨૦૧૯ થી તારીખઃ૨૫/૦૬/૨૦૧૯ સુધી (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી

તારીખઃ૦૮-૦૬-૨૦૧૯ જોડીને) એટલે કે તાઃ૦૯/૦૬/૨૦૧૯ થી તાઃ૨૫/૦૬/૨૦૧૯ સુધીની ૧૭ દિવસની અર્ન્ડ લીવ રજાઓ મંજુર કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવસીર્ટીના અનુસ્નાતક હિન્દી વિભાગમા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.અનિલાદેવી એમ.મિશ્રાએ તેઓના તારીખઃ૧૬/૦૪/૨૦૧૯ના પત્ર નંબરઃપીજી/હિન્દી/એએનએમ/૧૨થી તેઓએ તેમની પુત્રીના ગ્રેજયુએશન સેરમનીમા ડેકીન યુનિવસીર્ટી, ઓસ્ટ્રેલીયા જવા તારીખઃ૦૧/૦૬/૨૦૧૯ થી તારીખઃ૨૫/૦૬/૨૦૧૯ સુધી (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તારીખઃ૦૮-૦૬-૨૦૧૯ જોડીને) એટલે કે તાઃ૦૯/૦૬/૨૦૧૯ થી તાઃ૨૫/૦૬/૨૦૧૯ સુધીની ૧૭ દિવસની અર્ન્ડ લીવ રજાઓ મંજૂર કરવી તથા તેમની પાસેથી નિયમોનુસાર બોન્ડ લેવું.

(એસ્ટેટ વિભાગ)

૧૯. તારીખઃ ૨૬/૦૪/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૬ પૃઃકાર્યનોંધ)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૬/૦૪/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિએ કરેલ ભલામણો મંજુર કરવી.

શ્રી અલ્પેશ પુરોહિત તથા શ્રી બિપીનચંદ્ર પટેલે વિરોધ દર્શાવ્યો હતો.

(હીસાબ વિભાગ)

૨૦. તારીખઃ૨૬/૦૪/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૭ પૃઃકાર્યનોંધ)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૬/૦૪/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિએ કરેલ ભલામણો મંજુર કરવી.
શ્રી અલ્પેશ પુરોહિત તથા શ્રી બિપીનચંદ્ર પટેલે વિરોધ દર્શાવ્યો હતો.

(એકેડેમિક વિભાગ)

૨૧. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના ભલામણ પત્ર તારીખઃ ૭/૩/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃમકમ/ESC-૪/સી.ભ.આચાર્ય/૨૦૧૯/૨૮૭૦-૨૯૭૯થી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ (કોલેજ શાખા)માં કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી કોલેજો ખાતે આચાર્ય, વર્ગ-૧ની જગ્યાએ સીધી ભરતીથી ડૉ. સુરેશકુમાર અજિતસિંહ ગઢવીની સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કઠલાલમાં આચાર્ય તરીકેની નિમણુંકને પૂર્વ મંજૂરી આપેલ છે. જેના સંદર્ભમાં આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કઠલાલમાં ડૉ. સુરેશકુમાર અજિતસિંહ ગઢવીની સદર કોલેજમાં આચાર્યશ્રી તરીકે કરેલ નિમણુંકને મંજુરી આપવા આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કઠલાલે તેઓના તારીખઃ૨૦/૪/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ૨૦૧૯/૨૩૭થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સુરેશકુમાર અજિતસિંહ ગઢવીની **સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલમાં આચાર્ય તરીકેની કરેલ નિમણુંકને માન્યતા આપવી.**

**૨૨.** આચાર્યશ્રી, એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના તારીખઃ૨૫/૪/૨૦૧૯ના **પત્ર ક્રમાંકઃ** NSP-414/2019-20**થી તેમની કોલેજમાં (૧) શારીરિક શિક્ષણ વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા** Dr. Harendrasinh Prabhatsinh Solanki **(૨) અર્થશાસ્ત્ર વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા** Dr. Juvansinh Danubhai Vala **તથા (૩) અર્થશાસ્ત્ર વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા** Dr. Mukeshkumar Mansinh Mistri**એ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ (૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦)માં સમાવેશ કરેલ છે, તેની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પત્રકમાં દર્શાવેલ કોલેજો **ના નામ સામે નિર્દેશ કરેલ** આસીસ્ટન્ટ પ્રોફેસરને રાજય સરકારશ્રી તરફથી તેમની ફિકસ **પગારની પાંચ વર્ષની સેવા** સંતોષકારક પુર્ણ કરેલ હોય રાજય સરકારશ્રી તરફથી જે તે વિષયના **આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે** જે તે કોલેજમાં માન્યતા આપવામાં આવેલ છે તેને ધ્યાને લઇ **અધ્યાપકોને યુનિવર્સિટીની** માન્યતા આપવી.

| કોલેજ નું નામ | ક્રમાંક | આસીસ્ટન્ટ પ્રોફેસર નું નામ | વિષય |
|---|---|---|---|
| એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ | ૧ | Dr. Harendrasinh Prabhatsinh Solanki | **શારીરિક શિક્ષણ** |
| | ૨ | Dr. Juvansinh Danubhai Vala | **અર્થશાસ્ત્ર** |
| | ૩ | Dr. Mukeshkumar Mansinh Mistri | **અર્થશાસ્ત્ર** |

**નંબરઃ કે.૪/** ૫૫૦
**વલ્લભ વિદ્યાનગર**
**તારીખઃ૦૬/૦૫/૨૦૧૯**

**કા. કુલસચિવ**

**પ્રતિ,**
**સિન્ડિકેટના** સર્વે સભ્યશ્રીઓ જોગ.